# ભાજપ-કોંગ્રેસના ૨૩ ઉમેદવારો કરોડોની સંપત્તિના માલિક છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં કરોડપતિ અને માત્ર હજારો રૂ.ની સંપત્તિ ધરાવતા ઉમેદવારોએ ઝંપલાવ્યુ છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોના સોંગદનામાના આધારે કરાયેલા એક તારણ મુજબ ભાજપના ૧૨ ઉમેદવારો એવા છે જેમની પાસે રોકડ અને સંપત્તિ કરોડોથી વધુ છે. તો કોંગ્રેસના ૧૧ ઉમેદવારો એવા છે જેમની પાસે રોકડ અને સંપત્તિ મળી કરોડથી વધુ છે. આમ આ બન્ને પક્ષમાં થઈ ૨૩ ઉમેદવારો કરોડોની સંપત્તિ ધરાવે છે.

આ બન્ને પક્ષમાં ૩૯ ઉમેદવારો એવા છે જેમની સંપત્તિ અને રોકડ લાખોમાં છે. ભાજપના ૧૯ ઉમેદવારો લખપતિ છે તો કોંગ્રેસના ૨૦ ઉમેદવારો લખપતિ છે.

ભાજપ અને કોંગ્રેસના બે ઉમેદવારો એવા છે જેમની પાસેની સંપત્તિ અને રોકડ હજારો રૂ.માં છે.

ભાજપમાં વોર્ડ નં. ૩નો ઉમેદવાર હજારપતિ છે, તો કોંગ્રેસમાં વોર્ડ નં. ૬નો ઉમેદવાર માત્ર હજારોમાં સંપત્તિ ધરાવે છે.

બન્ને પક્ષોના ઉમેદવારો દ્વારા જે સોગંદનામા રજુ થયા છે તેમાં આવુ તારણ છે. જો કે બધા જ ઉમેદવારો વાહનની સુવિધા ધરાવતા ઉમેદવારો છે જે એક નોંધનીય બાબત છે.

ગાંધીનગર મહાનગરપાલિકાનો ચૂંટણી પ્રચાર ધીમી ગતિએ હાલ આગળ વધી રહ્યો છે.

ગાંધીનગર મનપામાં આમ તો બન્ને પક્ષના ઉમેદવારોમાં સરેરાશ એક ઉમેદવાર કરોડની સંપત્તિ ધરાવે છે. જ્યારે સરેરાશ ૩ ઉમેદવાર લાખોની સંપત્તિ ધરાવે છે.






(તસવીર : કશ્યપ નિમાવત)

પ્રચારનો પ્રારંભ - મનપાના મહાસંગ્રામના મતદાનના આડે હવે માત્ર ૧૦ દિવસ બાકી છે ત્યારે ચૂંટણી પ્રચારનો પ્રારંભ દબદબાપૂર્વક આરંભાયો છે... વૉર્ડ નં. ૭માં પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીજીએ ભાજપના મધ્યસ્થ કાર્યાલયનું દિપ પ્રગટાવી પ્રારંભ કર્યો હતો... જ્યારે વૉર્ડ નંબર ૬માં અગ્રણી લાલુભા વાઘેલાએ કોંગ્રેસની પેનલનો વિધિવત પ્રારંભ કર્યો હતો... બંને પક્ષો ડોર-ટુ-ડોર સંપર્ક આરંભી મતદારોને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે...

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ




"નામ-રૂમ જૂજવાં... અંતે હેમનું હેમ હોયે..." ભક્ત કવિ નરસિંહ મહેતાને ગાંધીનગરમાં મહાત્મા મંદિર સામે હારબંધ ઉભા રહેતા બરફ ડીશ ગોલાની લારીવાળા ઘોળીને પી ગયા છે ! ઉનાળામાં રોજ પાત્રે અહીં બરફ ડીશ ગોલાની ૨૫ લારીઓ ઉભી રહે છે. આ ૨૫માંથી ૨૦ લાગીઓના નામ 'દર્શન ડીશ ગોલા' છે...! ૩ લારીઓના નામ 'મનમોહન' છે. આ કેવું અચરજ .!!! અમદાવાદના લાલ દરવાજા વિસ્તારના 'બચુભાઈ રેડીમેઈડવાળા' જેવી સ્પર્ધાને કારણે એક જ નામ નથી. 'દર્શન' બ્રાન્ડના બરફગોળાવાળા મૂળ સિદ્ધપુરના પટ્ટણી પરિવારના સભ્યો છે... બધા કાકા-બાપાના ભાઈઓ છે, અને 'મનમોહન'વાળા રાજસ્થાનના એક જ પરિવારના સભ્યો છે. અહીં સ્પર્ધા ટાળવા બધાએ એક જ નામ અપનાવ્યું છે... ગાંધીનગરના ગોલાવાળાઓ તો નરસિંહ મહેતા કરતાં પણ ચાર ચાસણી ચઢ્યા... નામ અને રૂપ પણ જૂજવાં નહીં...!!!

# ચૈત્ર ચઢયો આકાશે-અગનજવાળા વરસી : પારો ૪૦ ડીગ્રીએ પહોંચ્યો

## અંગ દઝાડતી ગરમીથી જનજીવન પ્રભાવિત ગરમીનો પારો એક ડીગ્રી ઉંચો આવ્યો

ગાંધીનગર તા ૧૩

ચૈત્ર ચઢયો આકાશે અગ્નજવાળ વરસી ...છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ધીમે ધીમે ઉપર આવતા બપોરના સમયે આકાશમાંથી અગ્નગોળા વરસતા નગરજનો અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરી રહયા છે. આજે ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. આકરી ગરમીના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. ગરમીથી બચવા માટે નગરજનો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળે છે. જયારે રાત્રિના સમયે ઉનાળુ રાત્રિની રોનક નિખરે છે.

ગાંધીનગર , ગરમી ગ્રીષ્મ અને ગરમાળો ગજબનો પ્રાસ શહેરમાં ગરમીની મોસમ નિખરી છે. ચૈત્ર આકાશે ચઢતા આકાશમાંથી અગ્નજવાળ વરસી રહી છે. દિવસની અંગ દઝાડતી ગરમીથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. દિવસ દરમિયાન ગરમીથી બચવા માટે રાહદારીઓ ટોપી તેમજ મોઢે રૂમાલ બાંધીને ફરતા જોવા મળે છે. દિવસની અસહ્ય ગરમીના લીધે નગરના માર્ગો પર સન્નાટો જોવા મળી રહયો છે.તેમાંય ખાસ કરીને રજાના દિવસોમાં શહેરના માર્ગો પર ખાલીપો વર્તાય છે. નગરના બજારોમાં પણ બપોરના સમયે ખાસ ઘરાકી જોવા મળતી નથી. ગરમીની અસરથી પ્રભાવિત શહેરીજનો ઘરની બહાર નિકળવાનુ ટાળે છે. જયારે રાત્રિના સમયનો નઝારો કાંઈક અલગ જોવા મળે છે. શહેરના નાના મોટા ઉદ્યાનો તેમજ મુખ્યત્વે સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની ભીડ જામે છે. દિવસની ગરમીથી ત્રસ્ત શહેરીજનો રાત્રિના સમયે બરફ ગોલા અને આઈસ ડીશની મજા માંણતા નજરે પડે છે. નગરના આઈસ્કીમ પાર્લરો

● અનુસંધાન પાન-૭ પર

# ચુંટણીના દિવસે જ લગ્નસરાની મોસમ નિખરશે

## મતદાનની પ્રક્રીયા પ્રભાવિત થાય તેવી સંભાવના : વેકેશન, ગરમી અને લગ્નસરાની સિઝનથી ચુંટણીના મુરતિયાઓ ચિંતામાં

ગાંધીનગર તા ૧૩

મહાનગરપાલિકાની ચુંટણીના પડઘમ વાગી રહયા છે. શહેરના વિવિધ વોર્ડમાં ઉમેદવારોએ ચુંટણી પ્રચાર કરવાનુ શરૂ કરી દીધુ છે. સેકટરોમાં રાજકીય પક્ષોના ચુંટણી મોરચા મંડાઈ ગયા છે. ત્યારે મહાનગરપાલિકાની ચુંટણીને અનુલક્ષી પાટનગરમાં રાજકીય માહોલ ગરમાયો છે. સમસ્યાઓની ભરમાર વચ્ચે ઘેરાયેલા નગરજનો પાસેથી મત બટોરવાના ઉધામા શરૂ થઈ ગયા છે. ત્યારે આગામી તા ૨૪મીએ ચુંટણી પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર હોવાથી સૌ કોઈની મીટ મતદાન તરફ મંડરાઈ છે. એકબાજુ ગરમીની મૌસમ નિખરી રહી છે.ત્યારે મતદાનના દિવસે જ અઢળક લગ્ન મહોત્સવનુ આયોજન હોવાથી રાજકીય પક્ષો માટે મતદાનની ટકાવારી અત્યાર થી જ પણ ચિંતાનો વિષય બની છે. શહેરમાં આકરી ગરમીની ઋતુમાં

● અનુસંધાન પાન-૭ પર

# પાટીદાર સંઘના કાર્યક્રમમાં પક્ષની પરવાનગી મેળવી આગેવાનો જોડાયા હતા

## સુરતના પાટીદાર ધરણામાં ભાજપના ૨ ધારાસભ્યો સહિત ઘણા આગેવાનો જોડાયા હતા

ગાંધીનગર, તા. ૧૩

સુરતના પાટીદાર સંઘ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં ભાજપના આગેવાનો પક્ષની પરવાનગી મેળવીને ઉપસ્થિત રહ્યા હોવાનું પ્રદેશ ભાજપ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

સુરતમાં આજે પાટીદાર સંઘના નેજા હેઠળ આજે પાટીદારો દ્વારા એક દિવસના ઉપવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરતના ભાજપના એક ધારાસભ્ય સહીત કેટલાક આગેવાનો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી જોડાયા હતા.

આ અંગે આજે પત્રકારોને પ્રદેશ ભાજપ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે પાટીદારો દ્વારા આ આગેવાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેથી આ આગેવાનોએ પક્ષને જાણ કરતા પક્ષે તેમને પરવાનગી આપી હતી. આથી પરવાનગી લઈ ભાજપના આ આગેવાનો આ કાર્યક્રમમાં ગયા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે પક્ષ અને સરકાર બન્ને સ્પષ્ટ છે કે કાયદાની મર્યાદામાં રહીને પાટીદારોના પ્રશ્નનો ઉકેલ લાવવા તૈયાર છે.

# સે-૩ વગડાવાળી માતના મંદિરે વિશ્વ કલ્યાણ માટે મહાચંડી કોટિયાગ

## ૧૪ થી ૨૨ એપ્રિલ દરમિયાન ઐતિહાસિક મહાચંડીનુ આયોજન ૧ કરોડ નર્વાણમંત્રની આહુતિ આપવામાં આવશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના આંગણે પ્રથમવાર ઐતિહાસિક મહાચંડી યાગનુ આયોજન કરવામાં આવ્યુ છે. ઘ-૧ પાસે સે-૩ એમાં સ્થિત વગડાવાળી ચેહેર માતાના મંદિરે આગામી તા ૧૪થી ૨૨ એપ્રિલ દરમિયાન મહાચંડી કોટીયાગના દિવ્ય કાર્યક્રમનુ આયોજન કરાયુ છે. આ મહાચંડી કોટીયાગમાં નર્વાણમંત્રની ૧ કરોડ આહુતિ આપવામાં આવશે. જયારે આ માટે મંદિર પરિસરમાં નવ આકૃતિકુંડ બનાવાયા છે. ૨૦૭ બ્રાહ્મણો દ્વારા મહાચંડી કોટીયાગમાં વૈદિક મંત્રોચ્ચારથી વિધિ કરાશે. ચૈત્રસુદ આઠમથી ચૈત્રી પુર્ણિમા દરમિયાન દર્શન માટે રાજયભરમાંથી ભાવિકો ઉમટશે.

ચેહર ધામ વગડાવાળી માતાના મંદિરે યોજાનારા મહાચંડી કોટીયાગ વિશે અંબુસિંહ ગોલ તેમજ વિનોદ રાઠોડે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગાંધીનગરમાં પ્રથમવાર મહાકોટી નર્વાણમંત્ર સાથે હોમાત્મક યાગનુ આયોજન કરવામાં આવ્યુ છે.નગરજનો તેમજ રાષ્ટ્ર અને વિશ્વ કલ્યાણના હેતુથી આ મહાચંડી કોટીયાગનુ આયોજન કરવામાં આવ્યુ છે. વિશ્વમાં વેદમંત્રો દ્વારા શાંતિ પ્રસરે તેવા પવિત્ર આશયથી આ મહાચંડી કોટીયાગમાં નર્વાણમંત્રની

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

**૨૦૭ બ્રાહ્મણો દ્વારા મહાયાગની વિધિ કરાશે : રાજયમાંથી મોટી સંખ્યામાં માંઈભક્તો દર્શન માટે આવશે**

# પાણી ચોરી નાથવા નર્મદા કેનાલ પર એસઆરપી જવાનો તૈનાત

ગાંધીનગર, તા. ૧૩

નર્મદા કેનાલમાંથી પાણીની ચોરી ન થાય તેની તકેદારી રાખવા માટે કેનાલ પર એસઆરપીના જવાનોને ફરજ ઉપર તૈનાત કરીને પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું હોવાનું રાજયના પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું.

આ અંગેની વિગતો આપતા રાજયના પાણી પુરવઠા મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે હાલ રાજ્યના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની તંગી ઉભી થવા પામી છે. ત્યારે નર્મદા કેનાલમાંથી પીવાના પાણી સિવાય અન્ય કોઈ હેતુ માટે પાણી આપવામાં આવતુ નથી. આવા સંજોગોમાં કેનાલમાંથી પાણીની ચોરી ન થાય તેની તકેદારી રાખવા એસઆરપીની ચાર કંપનીના ૧૪૩ જવાનોને કેનાલો પર પેટ્રોલીંગ માટે ફરજ ઉપર તૈનાત કરવામાં આવ્યા છે.

**ટૂંકી મુદતની જાહેર નિવિદા**

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા સંચાલિત શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સેક્ટર-૧૬ ગાંધીનગર દ્વારા લગ્ન પ્રસંગ માટે મંડપ લાઈટ ડેકોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલ વેપારીઓને વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનો હોવાથી તેઓ પાસેથી સીલબંધ કવરમા ભાવો માંગવામાં આવે છે. આ ભાવો સંસ્થાના સેક્ટર-૧૬ ખાતે આવેલ બ્રહ્મભવન કાર્યાલયને આ નિવિદા પ્રસિધ્ધ થયાના ત્રણ દિવસમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.આવેલ સઘળા ભાવો પૈકીના ભાવો માન્ય રાખવા કે રદ કરવા તેનો અબાધિત અધિકાર શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર રાખે છે.

| પિનાકીન રાવલ | નરેશ દવે | નરેન્દ્ર વ્યાસ |
|---|---|---|
| પ્રમુખ | મહામંત્રી | ખજાનચી |
| | ૯૮૨૪૮ ૫૧૦૩૯ | ૯૮૯૮૦ ૩૨૬૫૯ |

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ**

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. જગદીશભાઈ બાબુભાઈ પટેલ - કર્મયોગી-ચિલોડા**

(માજી ચેરમેન, ચિલોડા સેવા સહકારી મંડળી)

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા સંસ્કારોથી શોભતા અમે
સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યું, કર્મ તમે કર્યા, ફળ અમને મળ્યાં,
કોઈ કહે પૂણ્ય કમાઈ ગયા, કોઈ કહે સુવાસ ફેલાવીને ગયા,
અમે તો કહીશું, અમારા સર્વસ્વ ગયા
જીવન એવું જીવ્યા કે જોનારા સૌ જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે, સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં,
સુખ-દુઃખમાં સતત હસતા રહ્યા...
પ્રભુ આપના દિવ્ય, સત્કર્મી, પૂણ્યશાળી, ધર્મિષ્ઠ, કર્મયોગી, પરોપકારી આત્માને સદ્‌ગતિ અને ચિરશાંતિ અર્પે એ જ અભ્યર્થના.

તમારા અમે સૌ...

ગં.સ્વ. આશાબેન જગદીશભાઈ પટેલ (પત્ની)

પટેલ જૈમિન જગદીશભાઈ (પુત્ર)
ગાં.તા. યુવા ભાજપ મંત્રી
ચેરમેન, ચિલોડા સેવા સહકારી મંડળી
પટેલ અનુજ જગદીશભાઈ (પુત્ર)
પટેલ રમણભાઈ જીવાભાઈ (કાકા)
પટેલ પ્રવિણભાઈ બાબુભાઈ (ભાઈ)
પટેલ જશવંતભાઈ રમણભાઈ (ભાઈ)
પટેલ રોહિતભાઈ રમણભાઈ (ભાઈ)
પટેલ સુભાષભાઈ રામાભાઈ (વકીલ)
પટેલ કમલેશભાઈ કોદરભાઈ (સાળા)

તથા સમસ્ત હરિભા પરિવાર

# લોક વિકાસ મંચના ઉમેદવારો તેમના ધ્યેય સાથે કટિબધ્ધ છે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઝુકાવનાર લોક વિકાસ મંચે આજે જણાવ્યું છે કે તેમના ઉમેદવારો સાથે સામ, દામ અને દંડની નીતિ અપનાવી ઉમેદવારી પત્રો પાછા ખેંચાવવામાં આવ્યા છે.

આજે એક અખબારી યાદીમાં પક્ષે જણાવ્યું છે કે અમે ૧૬ ઉમેદવારો જંગમાં છીએ અને અમે જે મુદ્દાઓ સાથે આ જંગમાં ઝંપલાવ્યું છે તેને માટે કટિબધ્ધ છીએ. લોક વિકાસ મંચે ટૂંકાગાળામાં પણ પ્રજામાનસમાં સારું સ્થાન પ્રાપ્ત કર્યું હોવાનું આ અખબારી યાદીમાં જણાવાયું છે.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com